સુધરાઇમાંથી રૂપાંતર પામેલ ગ્રામ પંચાયતના કર્મચારીઓ માટે ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ મુજબના સુધારેલા પગાર માળખું લાગુ પાડવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ નપમ-૧૧૨૦૦૮-૭૯૭-ક,
સચિવાલય, ગાંધીનગર.
તા. /૧/૨૦૧૧
12.5 JAN 2011

વંચાણે લીધાઃ-

(૧) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૩૧-૧-૯૨નો ઠરાવ ક્રમાંકઃ નપમ-૧૦૯૧-૨૯૫ (૯૨)-ક,

(૨) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૧૧-૧૦-૯૫નો ઠરાવ ક્રમાંકઃ નપમ-૨૫૯૫- ૫૭૯-ક,

(૩) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૨૧-૮-૯૭નો ઠરાવ ક્રમાંકઃ નપમ-૧૦૯૧-૧૩૭૧ (૯૭)-ક,

(૪) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૨૨-૯-૯૭નો ઠરાવ ક્રમાંકઃ નપમ-૧૦૯૧- ૧૩૭૧(૯૭)-ક,

(૫) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૧૭-૯-૨૦૦૭ નો ઠરાવ ક્રમાંકઃ નપમ-૧૦૯૮- ૧૨૯૬-ભાગ-૨(ક).

ઠરાવઃ-

આમુખમાં દર્શાવેલા આ વિભાગના તા.૧૭-૯-૨૦૦૭ ના ઠરાવથી જુની સુધરાઇમાંથી રૂપાંતર પામેલી ગ્રામ અને નગર પંચાયતોના એલોકેટેડ કર્મચારીઓ તથા રાજય સરકાર અથવા તેણે અધિકૃત કરેલ અધિકારીની પૂર્વ મંજુરી મેળવીને ઉપસ્થિત કરાયેલ જગ્યાઓ ઉપર નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક પામેલા પૂર્ણકાલિન કર્મચારીઓને પાંચમાં કેન્દ્રીય વેતન પંચની ભલામણો મુજબના પગાર ધોરણો લાગુ કરવામાં આવેલા છે. આવી પંચાયતોના કર્મચારીઓના પગાર ધોરણ ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ અન્વયે છઠ્ઠા પગાર પંચનો લાભ આપવાનો પ્રશ્ન રાજય સરકારની વિચારણા હેઠળ હતો. આ સંબંધમાં

પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબના હુકમો કરવામાં આવે છે.

૨. સુધરાઇમાંથી રૂપાંતર પામેલી ગ્રામ પંચાયતો હેઠળના વિવિધ સંવર્ગો તથા તે માટેના ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ હેઠળના સુધારેલા પગાર માળખાની વિગતો આ ઠરાવ સાથેની અનુસૂચિ "ગ" માં દર્શાવેલ છે.

૩. સુધારેલા પગાર માળખામાં સંબંધિત કર્મચારીનું પગાર ફીકસેશન વગેરે બાબતો ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ (હવે પછી જેનો ઉલ્લેખ ૨૦૦૯ ના નિયમો તરીકે કરવામાં આવ્યો છે.) અનુસાર નીચેના સુધારાઓને આધિન રહીને વિનિયમિત થશે.

(૧) અનુસૂચિ-ગ ના કોલમ-૪,૫,૬ માં દર્શાવેલ પગાર માળખા તા.૧-૧-૨૦૦૬ થી અમલમાં આવશે.

(૨) અનુસૂચિ-ગના કોલમ-૩માં દર્શાવેલ પગાર માળખાને ૨૦૦૯ના નિયમોના નિયમ- ૩ના પેટા નિયમ ૫ ના હેતુ માટે હાલનું પગાર માળખું (Present Pay structure) ગણવાનું રહેશે.

(૩) અનુસૂચિ-ગના કોલમ- ૪,૫,૬ માં દર્શાવેલ પગાર માળખાને ૨૦૦૯ ના નિયમોના નિયમ-૩ ના પેટા નિયમોના નિયમ-૩ અને ૪ ના હેતુ માટે સુધારેલ પગાર માળખુ (Revised (Pay structure) ગણવાનું રહેશે.

(૪) અનુસૂચિ-ગ હેઠળની નોંધ ૧ થી ૧૨માં દર્શાવેલ પગાર માળખાનો લાભ તા.૩૧-૧-૯૨ ના રોજ જે તે જગા પર ફરજ બજાવતા કર્મચારીઓને જ મળશે અને તે પગાર માળખા તે કર્મચારીના અંગત પગાર માળખા તરીકે ચાલુ રહેશે. આવુ અંગત પગાર માળખા મુજબ પગાર મેળવનાર કર્મચારીની નિવૃત્તિ કે અન્ય કારણોસર જગા ખાલી પડતાં તે જગા પર બઢતી કે અન્ય રીતે નિમણૂંક મેળવનાર કર્મચારીને આ જોગવાઇનો લાભ મળશે નહીં અને આવી નિમણૂંક મેળવનાર કર્મચારીને અનુસૂચિ-ગના કોલમ- ૪,૫,૬ માં દર્શાવેલ પગાર માળખા જ લાગુ પડશે.

(૫) અનુસૂચિ-ગ હેઠળ નોંધ (૧) થી (૧૨) નો લાભ તા.૩૧-૧-૯૨ બાદ બઢતીથી નિમણૂંક પામેલા કર્મચારીઓને મળી શકશે નહીં.

૪. અનુસૂચિ-ગમાં કોલમ- ૪,૫,૬ માં દર્શાવેલ સુધારેલા પગાર માળખામાં સંબંધિત કર્મચારીનું પગાર ફીકસેશન નીચેની શરતોને આધિન રહીને કરવાનું રહેશે.

(૧) તા.૧-૧-૨૦૦૬ના રોજ અનુસૂચિ-ગના કોલમ-૨માં દર્શાવેલ જગાઓ ઉપર જે કર્મચારીઓ પુરા સમય માટે કામ કરતા હશે તેમનું પગાર ફીકસેશન અનુસૂચિ-ગ

હેઠળની નોંધ ક્રમાંકઃ (૧) થી (૧૨) ની જોગવાઇઓને આધિન રહીને કોલમ- ૪,૫,૬ માં દર્શાવેલ પગાર માળખામાં કરવાનું રહેશે.

(૨) તા.૩૧-૧-૯૨ બાદ અનુસૂચિ-ગના કોલમ-૨માં જણાવેલ જગાઓ પર બઢતીથી કે સીધી ભરતીથી નિમાયેલા કર્મચારીઓને આ અનુસૂચિ હેઠળની નોંધ (૧) થી (૧૨)નો લાભ મળશે નહીં અને તેમનો પગાર કોલમ- ૪,૫,૬ માં જણાવેલ પગાર માળખાંમાં નકકી કરવાનો રહેશે. ગ્રામ પંચાયતના મંત્રીના કિસ્સામાં અંગત પગાર ધોરણ મેળવતા કર્મચારીની નિવૃત્તિ, રાજીનામુ, મૃત્યુ કે અન્ય કોઇ કારણસર તેવી જગા ખાલી પડતા તે જગા પર તલાટી-કમ-મંત્રીને નિમણૂંક આપવાની રહેશે.

(૩) અનુસૂચિ-ગમાં દર્શાવેલ બાલ મંદિર આચાર્ય તથા બાલમંદિર શિક્ષક તથા તેડાગરનું પગાર માળખું આ ઠરાવ બહાર પાડવાની તારીખે જેઓ પૂર્ણકાલિન સેવામાં હોય અને પાંચમા પગાર પંચ મુજબ પગાર ધોરણ મેળવતા હોય તે કર્મચારીઓને જ મળવાપાત્ર થશે અને આવા કર્મચારીની નિવૃત્તિ, રાજીનામુ કે અન્ય કારણસર તે જગ્યા ખાલી પડતાં તે જગ્યા પર નિમાનાર કર્મચારીને શિક્ષણ વિભાગ તરફથી બાલવાડી / બાલમંદિરના કર્મચારીઓ માટે નકકી કરવામાં આવેલ ફીકસ પગારમાં નિમણૂંક આપવાની રહેશે.

(૪) અનુસૂચિ-ગ હેઠળની નોંધ (૧) થી (૧૨)ની જોગવાઇઓ જે કિસ્સામાં રાજય સરકારે તા.૨૪-૬-૮૩ના ઠરાવ ક્રમાંકઃનપમ-૧૦૮૩-૫૧૦-ક.૧ હેઠળ દરેક પંચાયત દીઠ બહાર પાડેલા હુકમોમાં ઉંચુ પગાર ધોરણ નકકી કરેલ હશે તેવા કિસ્સામાં જ લાગુ પડશે.

(૫) જે કિસ્સામાં સંબંધિત ગ્રામ પંચાયતના ઠરાવથી કે ઔધોગિક અથવા મજુર અદાલતના એવોર્ડ કે સમાધાન અન્વયે તા.૨૪-૬-૮૩ના ઠરાવથી નિયત કરેલ પગાર ધોરણ કરતાં ઉંચા પગાર ધોરણો અમલમાં હશે અને ઉપરોકત તા.૨૪-૬-૮૩ના ઠરાવના ફકરા ૩ (ડી) હેઠળ અંગત પગાર ધોરણ તરીકે ચાલુ રહેલ હશે. તેવા કિસ્સામાં અનુસૂચિ-ગ હેઠળ નોંધ (૧) થી (૧૨) નો લાભ મળી શકશે નહીં અને આવું અંગત પગાર ધોરણ મેળવનાર કર્મચારીને તેમનું હાલનું અંગત પગાર ધોરણ અથવા અનુસૂચિ-ગના કોલમ- ૪,૫,૬ માં દર્શાવેલ પગાર ધોરણ એ બે વચ્ચે વિકલ્પ આપવાનો રહેશે, જે કર્મચારી તેનું હાલનું પગાર ધોરણ કાયમ માટે ચાલુ રાખવા વિકલ્પ આપે તો તેના કિસ્સામાં તે પગાર માળખું તેના અંગત પગાર માળખા તરીકે ચાલુ રહેશે.

(૬) અનુસૂચિ-ગના અ.નં. (૨) અને (૪) તથા તેની નોંધ (૧) અને (૩) માં દર્શાવેલ નગર પંચાયત માટેના પગાર ધોરણ નગર પંચાયતનું ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ ગ્રામ પંચાયતમાં રૂપાંતર થતા નવી રચાયેલી ગ્રામ પંચાયતમાં તબદીલ થયેલા કર્મચારીઓને તથા ૧૯૯૩ બાદ નગર પંચાયતનું નગરપાલિકામાં રૂપાંતર થયા અગાઉ નગર પંચાયતમાં જ નિવૃત્ત થયેલા ક્રમ-૧૩માં દર્શાવેલ કુલ-૪૬૮ પૈકીના કર્મચારીઓને અંગત પગાર માળખા તરીકે આપવાનું રહેશે.

(૭) પેટા ફકરા (૫) અને (૬) હેઠળ અંગત પગાર ધોરણ મેળવતાં કર્મચારીની નિવૃત્તિ, રાજીનામુ, અવસાન કે અન્ય કોઇ કારણસર તે જગા ખાલી પડતા જે જગા પર નિમણૂંક મેળવનાર કર્મચારીઓને તે જગા માટેનું સુધારેલ પગાર માળખું લાગુ પડશે અને તેમનો પગાર ફકરા-૯ પ્રમાણે નકકી કરવાનો રહેશે.

૫. ઉપરોકત ફકરા- ૨ થી ૪ ના હુકમો સુધરાઇમાંથી રૂપાંતર પામેલી ગ્રામ પંચાયતોના તમામ એલોકેટેડ કર્મચારીઓ તથા રાજય સરકાર કે તેણે અધિકૃત કરેલ અધિકારીની પૂર્વ મંજુરી મેળવીને ઉપસ્થિત કરાયેલ જગ્યા ઉપર નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક પામેલા પૂર્ણકાલિન કર્મચારીઓને લાગુ પડશે.

૬. ફકરા-૪ના પેટા ફકરા- (૫) અને (૬) હેઠળ અંગત પગાર ધોરણ ચાલુ રાખવા વિકલ્પ આપનાર કર્મચારીને મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, સ્થાનિક વળતર ભથ્થું, મુસાફરી ભથ્થું વગેરેના હેતુ માટે મૂળ પગાર તે ઉપર તા.૩૧-૧૨-૨૦૦૫ના રોજ મળવાપાત્ર મોંઘવારી ભથ્થું અને રાજય સરકારે જાહેર કરેલ ૫૦ ટકા મોઘવારી પગાર ( Dearness pay) ના સરવાળાને પગાર તરીકે ગણવાનો રહેશે.

૭. ફકરા-૪ના પેટા ફકરા (૧) અને (૬) હેઠળ અંગત પગાર ધોરણ મેળવતા કર્મચારીને બઢતી આપવામાં આવે ત્યારે તેનો પગાર બઢતીવાળી જગા માટે અનુસૂચિ-ગના કોલમ- ૪,૫,૬ માં દર્શાવેલા સુધારેલા પગાર માળખામાં નકકી કરવાનો રહેશે..

૮. ફકરા-૪ના પેટા ફકરા (૫) અને (૬) હેઠળ અંગત પગાર ધોરણ મેળવતાં કર્મચારીને બઢતી આપવામાં આવે ત્યારે તેનો પગાર બઢતીવાળી જગાના અનુસૂચિ-ગના કોલમ-૪,૫,૬ માં દર્શાવેલ પગાર ધોરણમાં નકકી કરવાનો રહેશે. અને તે પ્રમાણે પગાર નક્કી કરતા તેનુ હાલના પગાર પરનું કુલ મળતર બઢતીવાળી જગાના સુધારેલા પગાર માળખાના મહતમ પગાર કરતાં વધીજતું હશે તો તે તફાવતને અંગત પગાર ગણવાનો રહેશે. ( આ હેતુ માટે કુલ મળતર એટલે કર્મચારીઓનું બઢતી તારીખે મુળ પગાર તે પગાર પર તા. ૩૧-૧૨-૯૫ના રોજ મળવાપાત્ર મોંઘવારી ભથ્થુ, વધારાનું

મોઘવારી ભથ્થુ તથા એડહોક મોઘવારી સહિત) તથા રાજય સરકારે જાહેર કરેલી પ્રથમ અને દ્વિતિય વચગાળાની રાહત આ બધાનો સરવાળો)

૮ (અ) સીનીયર કલેકશન કારકુન / કેશીયર / કલાર્ક-કમ-કેશીયર, એકાઉન્ટન્ટ-કમ-ટ્રેઝરર / જુનીયર કલેકશન કલાર્કને નાણા વિભાગના તા.૧૮-૩-૧૯૯૧ ના ઠરાવ ક્રમાંકઃ એસપીપી-૧૦૯૧-૨૦૫-ચ અનુસાર નીચે પ્રમાણે ખાસ પગાર મંજુર કરી શકાશે.

- માસિક રૂપિયા ૭૫,૦૦૦ સુધીની લેવડ-દેવડ માટે રૂ.૫૦/- માસિક
- રૂપિયા ૭૫,૦૦૧ થી ૨,૦૦,૦૦૦ સુધીની લેવડ-દેવડ માટે રૂ.૭૫/- માસિક
- રૂપિયા ૨,૦૦,૦૦૧ થી ૫.૦૦ લાખ સુધીની લેવડ-દેવડ માટે રૂ.૧૦૦/- માસિક
- રૂપિયા ૫,૦૦,૦૦૧ થી વધુ લેવડ દેવડ માટે રૂ.૧૨૫/ માસિક

૮(બ) નાણાં વિભાગના તા.૨૭-૫-૨૦૦૯ના ઠરાવ ક્રમાંકઃપગર -૧૦૦૯- ૬ -૨૦૫.એ.(મ)માં દર્શાવ્યા મુજબ મોંઘવારી ભથ્થાના દર, ઘરભાડા ભથ્થા, સ્થાનિક વળતર ભથ્થા અને પરીવહન ભથ્થું / વાહન વ્યવહાર ભથ્થાના દર નકકી કરવામાં આવેલ છે. તે મુજબ ચૂકવવાના રહેશે. તે સિવાયના અન્ય તમામ ભથ્થાઓ પ્રવર્તમાન દરે (સુધારા પૂર્વેના પગાર ધોરણ મુજબ) આકારવાના રહેશે.

૮(ક) આ સાથેની અનુસૂચિ-ગ ના કોલમ-કમાં જે સંવર્ગમાં આનુષાંગિક ગ્રેડ પે રૂ. ૪૪૦૦/- દર્શાવેલ છે. તેની ચુકવણી તા. ૧-૪-૨૦૧૦ની અસરથી કરવાની રહેશે. અને તા.૧-૧-૨૦૦૬ થી તા.૩૧-૩-૨૦૧૦ સુધીના સમયગાળા માટે રૂ. ૪૨૦૦/- ગ્રેડ પે ગણવાનો રહેશે.

૯. સુધરાઇમાંથી રૂપાંતર પામેલી ગ્રામ પંચાયતના કર્મચારીઓના કિસ્સામાં આ ઠરાવ સાથેના નમુના પ્રમાણેનો વિકલ્પ સંબંધકર્તા કર્મચારીઓએ તાલુકા વિકાસ અધિકારીશ્રીને આ હુકમોની તારીખથી ત્રણ માસમાં આપવાનો રહેશે. જયારે ફકરા-૪ના પેટા ફકરા (૬) અન્વયે જુની નગર પંચાયતના નિવૃત્ત કર્મચારીઓએ તેમનો વિકલ્પ સંબંધિત જીલ્લા વિકાસ અધિકારીશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીને આપવાનો રહેશે. નિયત સમય - મર્યાદામાં વિકલ્પ નહીં આપનાર કર્મચારીએ તા.૧-૧-૨૦૦૬ થી સુધારેલ પગાર માળખું સ્વીકારી લીધેલ છે, તેમ ગણવામાં આવશે.

૧૦. જીલ્લા વિકાસ અધિકારીશ્રી અથવા તાલુકા વિકાસ અધિકારીશ્રી (અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારી) એ સુધારેલ પગાર માળખા માટે ફકરા-૯ અન્વયે વિકલ્પ આપનાર કર્મચારીનો પગાર નકકી કરતાં હુકમો કરવાના રહેશે અને કર્મચારીની સેવાપોથી તથા અન્ય રેકર્ડ સાથે સ્થાનિક ભંડોળ હિસાબ કચેરીના સંબંધિત જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીને ચકાસણી માટે મોકલવાના રહેશે.

૧૧. સુધારેલ પગાર માળખામાં પગાર નકકી કરવાના પરિણામે કર્મચારીઓને મળવાપાત્ર રકમ સંબંધિત ગ્રામ પંચાયતે તેના સ્વભંડોળમાંથી ચુકવવાની રહેશે. આ રકમ ચુકવવી કે નહી તેનો નિર્ણય જે તે પંચાયતે તેમની આર્થિક સ્થિતિને ધ્યાને લઇ, કરવાનો રહેશે. અને ચુકવવાનો નિર્ણય કરે તો તફાવતની રકમ <u>પગાર બાંધણીની ચકાસણી થયાબાદ</u> સબંધિત કર્મચારીઓના ભવિષ્યનિધિ ખાતામાં નીચેની શરતોએ જમા કરાવવાની રહેશે.

(૧) તા.૧-૧-૨૦૦૬ થી તા.૩૧-૩-૨૦૦૯ સુધીના પગાર વત્તા મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ સને ૨૦૦૯-૨૦૧૦ થી દર વર્ષે ૨૦ ટકા લેખે પાંચ હપ્તામાં કર્મચારીના ભવિષ્યનીધી ખાતામાં જમા કરવાની રહેશે. આ પ્રકારે જમા થયેલ રકમ પાંચ વર્ષના " lock in period " બાદ ઉપાડી શકાશે અને પાંચ વર્ષ દરમ્યાન જી.પી.એફ.માં જમા કરાવેલ રકમ ઉપાડના હેતુ માટે સિલકમાં ગણાશે નહી. પરંતુ જે કર્મચારીઓ હાલમાં ભવિષ્યનિધિનું ખાતુ ધરાવતાં ન હોય તેઓ જયારે ખાતુ ખોલાવે ત્યારે આ રકમ જમા કરાવવાની રહેશે.

(૨) કોન્ટ્રીબ્યુટરી પ્રોવિડંન્ટ ફંડ ધરાવનાર કર્મચારીના ખાતામાં પેટા ફકરા (૧) હેઠળ જમા થયેલ રકમ સામે પંચાયતે કોઇ ફાળો જમા કરાવવાનો રહેશે નહીં.

(૩) પેટા ફકરા- (૧) હેઠળ જમા થયેલી રકમ પાંચ વર્ષ બાદ ઉપાડવા પાત્ર થાય ત્યારે ગુજરાત પંચાયત સેવા (પ્રોવિડન્ટ ફંડ) નિયમો, ૧૯૯૮ હેઠળના નિયમોની જોગવાઇઓ હેઠળ ઉપાડી શકાશે.

(૪) જે રૂપાંતરિત ગ્રામ પંચાયતોએ આ હુકમો થયા અગાઉ નિવૃત્તિ કે રાજીનામાને કારણે છૂટા થયા હશે તે કર્મચારીઓને તફાવતની રકમ પોતાની આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઇ ને સુધારેલ પગાર માળખા મુજબનો લાભ આપવાનો નિર્ણય લીધો હોય તે ગ્રામ પંચાયતોએ તેના એવા કર્મચારીઓને પાંચ સરખા હપ્તામાં પાંચ વર્ષ સુધી, દર વર્ષે વીસ ટકા રકમ લેખે ચુકવવાના રહેશે.અને અવસાન પામ્યા હશે તેમને ચુકવવાપાત્ર તફાવતની રકમ એકસાથે જ તેમના કાયદેસરના વારસદારોને ચેકથી ચુકવવાની રહેશે.

(૫) આ પગાર સુધારણાને અનુલક્ષીને નિયમોનુસાર કરવાપાત્ર સામાન્ય ભવિષ્યનીધી ફાળાની રકમ તથા આવકવેરાની કપાત તથા અન્ય કપાત જો કરવાની થતી હોય તો તે કરવાની રહેશે.

૧૨. અનુસૂચિ-ગમાં કોલમ-૩ માં દર્શાવેલ પગાર ધોરણના સુધારેલ વિગતવાર પગાર માળખા કોલમ-૪,૫,૬ માં દર્શાવેલ છે.

(૧) સુધરાઇમાંથી રૂપાંતર પામેલી ગ્રામ પંચાયતોની યાદી અનુસૂચિ-ઘમાં આપેલ છે.

૧૩. આ હુકમનો લાભ અનુસૂચિ-ઘમાં દર્શાવેલ રૂપાંતરીત ગ્રામ / નગર પંચાયતના સંબંધિત કુલ-૪૬૮ કર્મચારીઓને તા.૧-૧-૨૦૦૬ થી મળવાપાત્ર થશે.

૧૪. આ પગાર સુધારાને કારણે સંબંધિત કર્મચારીને ચુકવાયેલ વધારાની રકમ અથવા જો કોઇ કારણસર રકમ પરત કરવા પાત્ર થાય તો તે રકમ પરત કરવા અંગેની બાંહેધરી સંબંધિત કચેરીએ મેળવવાની રહેશે.

૧૫. આ હુકમો નીચેના કર્મચારીઓને લાગુ પડશે નહીં.

(૧) પૂર્ણકાલિન (Full Time) નોકરીમાં ન હોય તેવા કર્મચારીઓ.

(૨) કરારથી (Contract Basis) નિમાયેલા કર્મચારી (સિવાય કે કરારમાં આવી શરત હોય)

(૩) વર્કચાર્જ કર્મચારીઓ તથા રોજમદાર તથા કેજયુઅલ કર્મચારીઓ

(૪) આકસ્મિક ફંડમાંથી ચુકવણી થતી હોય તેવા કર્મચારીઓ

(૫) નિવૃત્તિ પેન્શન મેળવતા હોય તેવા પુનઃ નિયુકિત પરના કર્મચારીઓ

(૬) માસિક ધોરણ સિવાય અન્ય રીતે ચુકવણી થતી હોય તેવા ઉચ્ચક ચુકવણી થતી હોય તેવા કર્મચારીઓ

(૭) એકત્રિત પગાર પધ્ધતિ પ્રમાણે કામે રાખેલ વ્યકિતઓને

(૮) બાંધ્યો પગાર (Consolidated Pay) મેળવતા કર્મચારીઓ

(૯) બિન રૂપાંતરીત ગ્રામ પંચાયતના કર્મચારીઓને.

(૧૦) નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય અનુસૂચિ-ગ માં દર્શાવેલ સંવર્ગોર સિવાય અન્ય સંવર્ગને આ લાભ મળવાપાત્ર થશે નહિ

૧૬. આ ઠરાવની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ શરતોનું પાલન થાય તે જોવાની જવાબદારી જે તે સંબંધિત તાલુકા વિકાસ અધિકારી/જિલ્લા વિકાસ અધિકારીશ્રીની રહેશે.

૧૭. આ ઠરાવની સૂચનાઓના અર્થઘટન અંગે પ્રશ્ન ઉપસ્થિત થતાં આ વિભાગ મારફતે નાણા વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

૧૮. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણાં વિભાગની તા.૨૯-૧૨-૯૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઉપ સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પ્રતિ,

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ /રાજકોટ
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, એલ.ડી.એન્જી.કોલેજ, કંપાઉન્ડ, અમદાવાદ.
- નાણાં વિભાગ ,સચિવાલય; ગાંધીનગર.
- કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- ૨૭-સર્વે રૂપાંતરીત ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓ
- સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ
- પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની ખ, છ અને ડ શાખાઓ
- સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઇલ - ના.સે.અધિ.

# અનુસૂચિ "ગ"

| અ.નં. | જગાનું નામ | હાલનું પગાર ધોરણ | સુધારેલ પગાર માળખું | | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| | | | પે બેન્ડ / સ્કેલનું નામ | આનુષાંગિક પેબેન્ડ / સ્કેલ | આનુષાંગિક ગ્રેડ પે | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | તબીબી અધિકારી | ૫૫૦૦-૯૦૦૦ | પીબી-૨ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૪૦૦ | |
| ૨ | નગર પંચાયતના મંત્રી | ૪૫૦૦-૭૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | |
| ૩ | ગ્રામ પંચાયતના મંત્રી (સુધરાઇમાંથી રૂપાંતરીત) | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૪ | હેડ કલાર્ક / હેડ કલાર્ક કમ એકાઉન્ટ /હેડ કલાર્ક કમ-શોપ-ઇન્સ્પેકટર જનરલ કલાર્ક એકાઉન્ટન્ટ / ચીફ એકાઉન્ટ / હેડ એકાઉન્ટન્ટ / ઓકટ્રોય અકાઉન્ટન્ટ | ૪૦૦૦-૬૦૦૦ (નગર પંચાયત) | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| | | ૩૦૫૦-૪૫૯૦ (ગ્રામ પંચાયત) | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫ | ઓવરસીયર / સુપરવાઇઝર ફોરમેન પાવર સુપ્રિટેન્ડેન્ટ / વોટર વર્કસ સુપરવાઇઝર / ઇલેકટ્રીકલ સુપરવાઇઝર / વોટર વર્કસ ફોરમેન / સુપરવાઇઝર-કમ-સર્વેયર | (૧) ૪૫૦૦-૭૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | |
| | | (ડીગ્રી-ડીપ્લોમાં ધરાવનાર માટે) | | | | |
| | | (૨) ૪૫૦૦-૭૦૦૦ (પ્રમાણપત્ર ધરાવનાર માટે) | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | |
| | | (3) 3૦૫૦-૪૫૯૦ (અન્ય માટે) | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૬ | વોટર વર્કસ ઇન્સ્પેકટર | ૪૦૦૦-૬૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| ૭ | સબ-ઓવરસીયર | (૧) ૪૦૦૦-૬૦૦૦ (ડીગ્રી-ડીપ્લોમાં પ્રમાણપત્ર ધરાવનાર માટે) | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| | | (૨) 3૦૫૦-૪૫૯૦ (અન્ય માટે) | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૮ | ઓકટ્રોય સુપ્રિટેન્ડેન્ટ / ઓકટ્રોય મેનેજર / ઓકટ્રોય ઇન્સ્પેકટર / ઓકટ્રોય સુપરવાઇઝર / શોપ ઇન્સ્પેકટર / શોપ-કમ-ઓકટ્રોય ઇન્સ્પેકટર / રીકવરી અધિકારી / વસુલાત ઇન્સ્પેકટર / ઇન્ટર્નલ ઓડીટર / દબાણ અધિકારી / વોર્ડ ઇન્સ્પેકટર / ટેક્ષ ઇન્સ્પેકટર | ૪૦૦૦-૬૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૯ | સીનીયર કારકુન | (૧) ૪૦૦૦-૬૦૦૦ નગર પંચાયતો માટે | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| | | (૨) ૩૦૫૦-૪૫૯૦ ગ્રામ પંચાયત | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૧૦ | સીનીયર કલેકશન કારકુન / કેશીયર કલાર્ક-કમ-કેશીયર એકાઉન્ટન્ટ -કમ- ટ્રેઝરર / જુનિયર કલેકશન કલાર્ક | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૧૧ | સેનેટરી ઇન્સ્પેકટર / | (૧) ૪૦૦૦-૬૦૦૦ સેનેટરી ઇન્સ્પેકટરનું પ્રમાણપત્ર ડીપ્લોમાં પ્રમાણપત્ર ધરાવનાર માટે | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| | સેનેટરી સુપરવાઇઝર / સેનેટરી -કમ-ફુડઇન્સ્પેકટર | (૨) ૩૦૫૦-૪૫૯૦ અન્ય માટે | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૧૨ | ફુડ ઇન્સ્પેકટર | (૧) ૪૦૦૦-૬૦૦૦ સેનેટરી ઇન્સ્પેકટરની લાયકાત ધરાવનાર માટે | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| | | (૨) ૩૦૫૦-૪૫૯૦ અન્ય માટે | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૧૩ | નર્સ / મીડવાઇફ | (૧) ૪૦૦૦-૬૦૦૦ ટ્રેઇન્ડ નર્સ / મીડવાઇફ માટે | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| | | (૨) ૩૦૫૦-૪૫૯૦ અન્ય માટે | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૧૪ | કંપાઉન્ડર / કંમ્પાઉન્ડર | (૧) ૪૦૦૦-૬૦૦૦ કવોલોફાઇડ માટે | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| | કમ-કલાર્ક / કલાર્ક | (૨) ૩૦૫૦-૪૫૯૦ અન્ય માટે | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| | કમ-કંમ્પાઉન્ડર | | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૮ | ઓકટ્રોય ગાર્ડ | ૩૦૫૦-૪૫૯૦ (અંગત પગાર ધોરણ) | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૧૯ | સર્વેયર / મીકેનીક / મીસ્ત્રી / ડ્રાફટર મેન / મીકેનીકલ ફોરમેન / | (૧) ૩૦૫૦-૪૫૯૦ સંબંધિત ટ્રેડમાં પ્રમાણપત્ર ધરાવનાર માટે | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| | | (૨) ૨૫૫૦-૩૨૦૦ અન્ય માટે | -૧-એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | |
| ૨૦ | વાયરમેન / વોટરવર્કસ ઓપરેટર / સ્ટ્રીટલાઇટ વાયરમેન / સ્ટ્રીટલાઇટ મેન / ઇલેકટ્રીશીયન ઇલેકટ્રીક ઓપરેટર / સ્વીચબોર્ડ ઓપરેટર / લાઇટ સુપરવાઇઝર /આસીસ્ટંટ વાયરમેન /ઇલેકટ્રીક લાઇનમેન /વાયરમેન-કમ-પંપ /એટેન્ડેન્ટ/ વાયરમેન કમ-બોર-ઓપરેટર વોટર વર્કસ એન્જીન ડ્રાયવર / પંપ ઓપરેટર /મશીન ઓપરેટર (વોટર વર્કસ ) વોટર વર્કસ સુપરવાઇઝર / ઓપરેટર / એન્જીન ડ્રાયવર / વોટર વર્કસ એન્જીનીયર / ચીફ મશીન ઓપરેટર /પંપ ડ્રાયવર / હેડ પંપમેન બોર ઓપરેટર / ઇલેકટ્રીક પંપ ઓપરેટર / ફિલ્ટર ઓપરેટર / વાયરમેન હેલ્પર / પગી કમ ઇલેકટ્રીક મોટર ડ્રાયવર / વોટર સપ્લાય ઓપરેટર | (૧) ૩૦૫૦-૪૫૯૦ સેકન્ડ કલાસ વાયરમેનની લાયકાત ધરાવનાર માટે | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| | | (૨) ૨૫૫૦-૩૨૦૦ અન્ય માટે | -૧-એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૧ | વોટર વર્કસ મીકેનીક / લાઇનમેન / આસી.લાઇનમેન / વોટર વર્કસ ફીટર / વોટર વર્કસ મિસ્ત્રી / પ્લંબર | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૨૨ | ગ્રંથપાલ | (૧) ૪૦૦૦-૬૦૦૦ લાયબ્રેરી ડિગ્રી ડીપ્લોમાં પ્રમાણપત્ર ધરાવનાર માટે | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| | | (૨) ૩૦૫૦-૪૫૯૦અન્ય માટે | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૨૩ | બાલમંદિર શિક્ષક | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૨૪ | મહિલા મંડળ સંચાલીકા | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૨૫ | ડ્રેસર | ૨૬૫૦-૪૦૦૦ | ૧-એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૬૫૦ | |
| ૨૬ | દાઇ-દાયણ | (૧) ૩૦૫૦-૪૫૯૦ તાલીમી દાઇ / દાયણ માટે | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| | | (૨) ૨૫૫૦-૩૨૦૦ અન્ય માટે | -૧-એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | |
| ૨૭ | કંડકટર / સેનેટરી ફિલ્ડ વર્કર | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૨૮ | નાયક / મુકાદમ / સેનેટરી મુકાદમ / જમાદાર | ૨૬૧૦-૩૫૪૦ | -૧-એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૪૦૦ | |
| ૨૯ | હેડમાળી | ૨૬૧૦-૩૫૪૦ | -૧-એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૪૦૦ | |
| 30 | પંપ એટેન્ડેન્ટ / પંપમેન | ૨૬૫૦-૪૦૦૦ | -૧-એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૬૫૦ | |
| 3૧ | વર્ગ-૪ની અન્ય જગાઓ. | ૨૫૫૦-૩૨૦૦ | -૧-એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | |

## :: અનુસૂચિ–ગ–નોંધ ::

| | |
|---|---|
| નોંધ–૧ | તા.૧૭/૯/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંકઃનપમ/૧૦૯૮/૧૨૯૬/ભાગ–૨/ક ની અનુસુચિ–ગ ની નોંધ (૧) હેઠળ જે નગર પંચાયતના સેક્રેટરી રૂ.૫૦૦૦–૮૦૦૦ અથવા રૂ.૫૫૦૦–૯૦૦૦ નું પગાર ધોરણ મેળવતા હશે તેમને અનુક્રમે ૯૩૦૦–૩૪૮૦૦(પે બેન્ડ) રૂ.૪૨૦૦ (ગ્રેડ–પે)પીબી–૨ રૂ.૯૩૦૦–૩૪૮૦૦(પે–બેન્ડ) રૂ.૪૪૦૦(ગ્રેડ–પે) પીબી–૨ નું પગાર માળખું અંગત પગાર માળખા તરીકે મળવાપાત્ર થશે. |
| નોંધ–૨ | તા.૧૭/૯/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંકઃનપમ/૧૦૯૮/૧૨૯૬/ભાગ–૨/ક ની અનુસુચિ–ગ ની નોંધ (૨) હેઠળ જે રૂપાંતરિત ગ્રામ પંચાયતના મંત્રી રૂ.૪૦૦૦–૬૦૦૦ અથવા રૂ.૫૦૦૦–૮૦૦૦ અથવા રૂ.૫૫૦૦–૯૦૦૦ નું પગાર ધોરણ મેળવતાં હશે. તેમને અનુક્રમે રૂ.૫૨૦૦–૨૦૨૦૦(પે–બેન્ડ) રૂ.૨૪૦૦(ગ્રેડ–પે)પીબી–૧ રૂ.૯૩૦૦–૩૪૮૦૦(પે–બેન્ડ) રૂ. ૪૪૦૦(ગ્રેડ–પે) પીબી–૨ તથા ૯૩૦૦–૩૪૮૦૦(પે–બેન્ડ) ૪૪૦૦(ગ્રેડ–પે)પીબી–૨ નુ પગાર માળખું અંગત પગાર માળખા તરીકે મળવાપાત્ર થશે. |
| નોંધ–૩ | જે રૂપાંતરીત નગર અથવા ગ્રામ પંચાયતના હેડ કલાર્ક, હેડ કલાર્ક કમ એકાઉન્ટન્ટ, હેડ કલાર્ક કમ શોપ ઈન્સ્પેકટર, જનરલ કલાર્ક એકાઉન્ટન્ટ ચીફ એકાઉન્ટન્ટ, હેડ એકાઉન્ટન્ટ અથવા ઓકટ્રોય એકાઉન્ટન્ટ તા.૧૭/૯/૨૦૦૭ ના ઠરાવની અનુસુચિ–ગ ની નોંધ ૩ હેઠળ રૂ.૫૦૦૦–૮૦૦૦ નું પગાર ધોરણ મેળવતા હશે તેમને રૂ.૯૩૦૦–૩૪૮૦૦(પે બેન્ડ)૪૨૦૦(ગ્રેડ–પે)પીબી–૨ પગાર માળખું લાગુ પડશે જયારે રૂ.૪૦૦૦–૬૦૦૦ નું પગાર ધોરણ મેળવતા કર્મચારીઓને રૂ.૫૨૦૦–૨૦૨૦૦ (પે બેન્ડ) ૨૪૦૦ (ગ્રેડ–પે)પીબી–૧પગાર માળખું લાગુ પડશે. |
| નોંધ–૪ | જે નોન કવોલીફાઈડ કે સુપરવાઈઝર અથવા અનુક્રમ નં.૫ માં દર્શાવેલ જગાઓ ઉપર કામ કરતા નોન કવોલીફાઈડ કર્મચારી તા.૧૭/૯/૨૦૦૭ ના ઠરાવની અનુસુચિ–ગ ની નોંધ–(૪) હેઠળ રૂ.૪૫૦૦–૭૦૦૦ અથવા ૪૦૦૦–૬૦૦૦ નું પગાર ધોરણ મેળવતા હશે. તેમને અનુક્રમે રૂ.૫૨૦૦–૨૦૨૦૦(પે–બેન્ડ) અને રૂ.૨૮૦૦(ગ્રેડ–પે) પીબી.૧ રૂ.૫૨૦૦–૨૦૨૦૦(પે બેન્ડ) રૂ.૨૪૦૦(ગ્રેડ–પે)પીબી–૧ પગાર માળખું લાગુ પડશે. |
| નોંધ–૫ | જે નોન કવોલીફાઈડ ઓવરશીયર તા.૧૭/૯/૨૦૦૭ ના ઠરાવની અનુસૂચિ–ગ ની નોંધ(૫) હેઠળ રૂ.૪૦૦૦–૬૦૦૦ નું પગાર ધોરણ મેળવતા હશે. તેમને રૂ.૫૨૦૦–૨૦૨૦૦(પે બેન્ડ) ૨૪૦૦(ગ્રેડ–પે) પીબી–૧ નું પગાર માળખું લાગુ પડશે |
| નોંધ–૬ | અનુક્રમ નં.૮માં દર્શાવેલ જગાઓ પર કામ કરતા જે કર્મચારી તા.૧૭/૯/૨૦૦૭ ના ઠરાવની અનુસુચિ–ગ ની નોંધ(૬)હેઠળ રૂ.૫૦૦૦–૮૦૦૦ નું પગાર ધોરણ મેળવતા હશે. તેમને રૂ.૯૩૦૦–૩૪૮૦૦ (પે–બેન્ડ) ૪૨૦૦(ગ્રેડ–પે) પીબી–૨ પગાર માળખું લાગુ પડશે. |
| નોંધ–૭ | જે ગ્રામ પંચાયતના સીનીયર કારકુન તા.૧૭/૯/૨૦૦૭ ના ઠરાવની અનુસૂચિ–ગ ની નોંધ–(૭) હેઠળ રૂ.૪૦૦૦–૬૦૦૦ નું પગાર ધોરણ મેળવતા હશે, તેમને રૂ.૫૨૦૦–૨૦૨૦૦(પે બેન્ડ), ૨૪૦૦(ગ્રેડ–પે) પીબી–૧ પગાર માળખું લાગુ પડશે. |

| | |
|---|---|
| નોંધ-૮ | જે ગ્રામ પંચાયતના સીનીયર કલેકશન કારકુન, કેશીયર કલાર્ક-કમ-કેશીયર, એકાઉન્ટન્ટ અથવા જુનીયર કલેકશન કારકુન તા.૧૭/૯/૨૦૦૭ ના ઠરાવની અનુસુચિ-ગ ની નોંધ (૮) અન્વયે રૂા.૪૦૦૦-૬૦૦૦ નું પગાર ધોરણ મેળવતા હશે. તેમને રૂા.૫૨૦૦-૨૦૨૦૦(પે-બેન્ડ) ૨૪૦૦(ગ્રેડ-પે)પીબી-૧ પગાર માળખું લાગુ પડશે પરંતુ તેઓ ખાસ પગાર મેળવવાને પાત્ર થશે નહી. |
| નોંધ-૯ | જે નોન કવોલીફાઈડ સેનેટરી ઈન્સ્પેકટર, સેનેટરી સુપરવાઈઝર અથવા ફુડ ઈન્સ્પેકટર તા.૧૭/૯/૨૦૦૭ ના ઠરાવની અનુસૂચિ-ગ ની નોંધ(૯) અન્વયે રૂા.૪૦૦૦-૬૦૦૦ નું પગાર ધોરણ મેળવતા હશે તેમને રૂા.૫૨૦૦-રૂા.૨૦૨૦૦(પે-બેન્ડ) રૂા.૨૪૦૦(ગ્રેડ-પે) પીબી-૧ નું પગાર માળખું લાગુ પડશે. |
| નોંધ-૧૦ | જે નોન કવોલીફાઈડ સર્વેયર, મિકેનીક-મીસ્ત્રી, ડ્રાફટમેન અથવા મિકેનીકલ-ફોરમેન તા.૧૭/૯/૨૦૦૭ ના ઠરાવની અનુસુચિ-ગ ની નોંધ(૧૦) અન્વયે રૂા.૩૦૫૦-૪૫૯૦ નું પગાર ધોરણ મેળવતા હશે તેમને રૂા.૫૨૦૦-૨૦૨૦૦(પે-બેન્ડ) ૧૯૦૦(ગ્રેડ-પે) પીબી-૧ નું પગાર માળખું લાગુ પડશે. |
| નોંધ-૧૧ | જે પંપ એટેન્ડન્ટ કે પંપમેન તા.૧૭/૯/૨૦૦૭ ના ઠરાવની અનુસુચિ-ગ ની નોંધ(૧૧) અન્વયે રૂા.૩૦૫૦-૪૫૯૦ નું પગાર ધોરણ મેળવતા હશે તેમને રૂા.૫૨૦૦-૨૦૨૦૦(પે-બેન્ડ) ૧૯૦૦(ગ્રેડ-પે) પીબી-૧ નું પગાર માળખું લાગુ પડશે. |
| નોંધ-૧૨ | જે ઓકટ્રોય ગાર્ડ તા.૧૭/૯/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંકઃનપમ/૧૦૯૮/૧૨૯૬/ભાગ-૨/ક અન્વયે રૂા.૩૦૫૦-૪૫૯૦ નું પગાર ધોરણ મેળવતા હશે, તેમને રૂા.૫૨૦૦-૨૦૨૦૦ (પે-બેન્ડ) ૧૯૦૦(ગ્રેડ-પે)પીબી-૧ નું પગાર માળખું મળવાપાત્ર થશે. |

# પરિશિષ્ટ - " ક "

અનુસુચિ "ગ" ના કોલમ નં. ૩ માં દર્શાવેલ વિધમાન વિગતવાર પગાર ધોરણ.

| | |
|---|---|
| ૧. | ૨૫૫૦-૫૫-૨૬૬૦-૬૦-૩૨૦૦ |
| ૨. | ૨૬૧૦-૬૦-૩૧૫૦-૬૫-૩૫૪૦ |
| ૩. | ૨૬૫૦-૬૫-૩૩૦૦-૭૦-૪૦૦૦ |
| ૪. | ૩૦૫૦-૭૫-૩૯૫૦-૮૦-૪૫૯૦ |
| ૫. | ૩૦૫૦-૭૫-૩૯૫૦-૮૦-૪૫૯૦ |
| ૬. | ૩૦૫૦-૭૫-૩૯૫૦-૮૦-૪૫૯૦ |
| ૭. | ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ |
| ૮. | ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ |
| ૯. | ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ |
| ૧૦. | ૪૫૦૦-૧૨૫-૭૦૦૦ |
| ૧૧. | ૪૫૦૦-૧૨૫-૭૦૦૦ |
| ૧૨. | ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ |
| ૧૩. | ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ |
| ૧૪. | ૫૫૦૦-૧૭૫-૯૦૦૦ |

# પરિશિષ્ટ - " ખ "

અનુસુચિ "ગ" ના કોલમ નં. ૪,૫,૬, માં દર્શાવેલ સુધારેલ પગાર માળખાંની વિગત.

| અ.નં. | વિદ્યમાન પગાર ધોરણ | સુધારેલ પગાર માળખાં | | |
|---|---|---|---|---|
| | | પે બેન્ડ - પગાર માળખાનું નામ | તત્સમાન પે બેન્ડ | તત્સમાન ગ્રેડપે |
| ૧. | રૂ.૨૫૫૦-૫૫-૨૬૬૦-૬૦-૩૨૦૦ | ૧ -એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ |
| ૨. | રૂ.૨૬૧૦-૬૦-૩૧૫૦-૬૫-૩૫૪૦ | ૧ - એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૪૦૦ |
| ૩. | રૂ.૨૬૫૦-૬૫-૩૩૦૦-૭૦-૪૦૦૦ | ૧ -એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૬૫૦ |
| ૪. | રૂ.૨૭૫૦-૭૦-૩૮૦૦-૭૫-૪૪૦૦ | પીબી -૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૮૦૦ |
| ૫. | રૂ.૩૦૫૦-૭૫-૩૯૫૦-૮૦-૪૫૯૦ | પીબી -૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ |
| ૬. | રૂ.૩૨૦૦-૮૫-૪૯૦૦ | પીબી -૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૦૦૦ |
| ૭. | રૂ.૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | પીબી -૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ |
| ૮. | રૂ..૪૫૦૦-૧૨૫-૭૦૦૦ | પીબી -૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ |
| ૯. | રૂ.૫૦૦૦-૧૫૦-૮૦૦૦ | પીબી -૨ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ |
| ૧૦. | રૂ.૫૫૦૦-૧૭૫-૯૦૦૦ | પીબી -૨ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૪૦૦ |

# રૂપાંન્તરિત ગ્રામ પંચાયત

## અનુસુચિ—ઘ

## તા.૧/૧/૨૦૦૬ ની સ્થિતિએ ગ્રામ પંચાયતોની યાદી

| | | |
|---|---|---|
| ૧ | **અમદાવાદ જિલ્લો** | |
| | ૧ | રાણપુર ગ્રામ પંચાયત |
| ૨ | **અમરેલી જિલ્લો** | |
| | ૨ | વડીયા ગ્રામ પંચાયત |
| | ૩ | ચિતલ જશવંતગઢ ગ્રામ પંચાયત |
| | ૪ | ડુંગર ગ્રામ પંચાયત |
| | ૫ | લીલીયા ગ્રામ પંચાયત |
| | ૬ | ધારી ગ્રામ પંચાયત |
| ૩ | **ભાવનગર જિલ્લો** | |
| | ૭ | પાળીયાદ ગ્રામ પંચાયત |
| | ૮ | ઉમરાળા ગ્રામ પંચાયત |
| ૪ | **જામનગર જિલ્લો** | |
| | ૯ | જોડિયા ગ્રામ પંચાયત |
| | ૧૦ | લાલાપુર ગ્રામ પંચાયત |
| ૫ | **જુનાગઢ જિલ્લો** | |
| | ૧૧ | બીલખા ગ્રામ પંચાયત |
| | ૧૨ | મેંદરડા ગ્રામ પંચાયત |
| | ૧૩ | માળીયા—હાટીના ગ્રામ પંચાયત |
| ૬ | **ખેડા જિલ્લો—નડીયાદ** | |
| | ૧૪ | વસો ગ્રામ પંચાયત |
| ૭ | **આણંદ જિલ્લો** | |
| | ૧૫ | ભાદરણ ગ્રામ પંચાયત |
| | ૧૬ | ધર્મજ ગ્રામ પંચાયત |
| ૮ | **કચ્છ જિલ્લો** | |
| | ૧૭ | મુંદરા ગ્રામ પંચાયત |
| ૯ | **પાટણ જિલ્લો** | |
| | ૧૮ | ધિણોજ ગ્રામ પંચાયત |
| ૧૦ | **રાજકોટ જિલ્લો** | |
| | ૧૯ | જામકંડોરણા ગ્રામ પંચાયત |
| | ૨૦ | ટંકારા ગ્રામ પંચાયત |
| | ૨૧ | વીછીયા ગ્રામ પંચાયત |
| ૧૧ | **સુરેન્દ્રનગર જિલ્લો** | |
| | ૨૨ | ચુડા ગ્રામ પંચાયત |
| | ૨૩ | લખતર ગ્રામ પંચાયત |
| | ૨૪ | સાયલા ગ્રામ પંચાયત |
| | ૨૫ | મૂળી ગ્રામ પંચાયત |
| ૧૨ | **વડોદરા જિલ્લો** | |
| | ૨૬ | સંખેડા ગ્રામ પંચાયત |
| | ૨૭ | સિનોર ગ્રામ પંચાયત |

## નમૂનો–૧

## (જુઓ ફકરા–૬(૧))

(૧) હું.............................નામઃ–.................................................

હોદો:–..................................જિલ્લો:– આથી.......................................

ગ્રામ પંચાયત/નગર પંચાયત...............જિલ્લો:– આથી......................................

(૧) તા.૧/૧/૦૬ થી સુધારેલ પગાર ધોરણ પસંદ કરુ છું.

(૨) (અ) આગામી ઈજાફાની તા...........સુધી.

(બ) મારો પગાર રૂા...........................થાય ત્યા સુધી.

(ક) હુ વિદયમાન પગાર ધોરણ રૂા.............................................

(હાલનું પગાર ધોરણ દર્શાવવુ) માં પગાર લેવાનું છોડી દઉ અથવા બંધ કરુ ત્યાં સુધી

વિદયમાન પગાર ધોરણ માં પગાર લેવાનું ચાલુ રાખવાનુ પસંદ કરુ છું.

(૨) મારો આ વિકલ્પ આખરી છે. અને તેમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહી.

સ્થળ:–

તારીખ:–

સહિ:–...................................

નામ:–...................................

હોદો:–...................................

ગ્રામ/નગર પંચાયત:–.......................

જિલ્લો:–..................................

મારી રૂબરૂ સહી કરી છે.

સહિ:–...................................

નામ:–...................................

હોદો:–...................................

(સરપંચ...................ગ્રામ પંચાયત/..........................જિલ્લો.........................)

ઉપરનો વિકલ્પ મળ્યો છે.

સ્થળ:–...................................

તારીખ:–...................................

સહિ:–...................................

નામ:–...................................

તાલુકા વિકાસ અધિકારીશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રી...............તાલુકા જિલ્લા પંચાયત

---

- લાગુ ન પડતુ હોય તે ચેકી નાખવું.